ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની
મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૯૭૦૧/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૧૨/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૦૫/૧૦/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક: જીએચએમ/૨૦૧૭/૧૩/સશપ/૧૨૨૦૧૭/૫૭૫૯૪૯/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૪/૨૦૧૮ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૧૨/૨૦૨૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૪) ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગનો તા.૦૩/૧૨/૨૦૨૨ નો પત્ર ક્રમાંક: GSCUC/મકમ/૩૫૫/૨૦૨૧

**ઠરાવ:**

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળની તા.૦૫/૧૦/૨૦૧૭ ની અધિસૂચનાથી ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના તા.૧૬/૦૪/૨૦૧૮ ના ઠરાવથી ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગ ખાતે કુલ.૧૩(તેર) જગ્યાઓ વર્ષ ૨૦૧૮-૧૯ ની નવી બાબત તરીકે મંજૂર કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તા.૨૩/૧૨/૨૦૨૧ ના ઠરાવથી કુલ.૧૩(તેર) જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૪) હેઠળના તા.૦૩/૧૨/૨૦૨૨ ના પત્રથી આયોગની કુલ.૧૩(તેર) જગ્યાઓ તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા આયોગ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(પાછળ)

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગ ખાતે કુલ.૧૩(તેર) જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધિન તા.૨૮/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ. | મંજૂર થયેલ જગ્યા | સંખ્યા |
|---|---|---|
| ૧ | અંગત મદદનીશ (વર્ગ-૨) | ૧ |
| ૨ | કચેરી અધિક્ષક (વર્ગ-૩) | ૧ |
| ૩ | હિસાબનીશ (વર્ગ-૩) | ૧ |
| ૪ | કોમ્પ્યુટર ઓપરેટર/ટાઇપીસ્ટ (આઉટસોર્સ) | ૩ |
| ૫ | ડ્રાઇવર (આઉટસોર્સ) | ૩ |
| ૬ | પટાવાળા (આઉટસોર્સ) | ૪ |
| | કુલ. | ૧૩(તેર) |

**શરતો:-**

(૧) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ફાળવાયેલ ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનુ રહેશે.

(૩) ખાલી જગ્યાઓ અંગે નાણાં વિભાગની વખતો વખતની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) આ હંગામી જગ્યાની મુદત પુરી થાય તેના ૪ માસ પહેલા તેને ચાલુ રાખવાની વિગતવાર દરખાસ્ત મોકલવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૧૨/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Rajeshkumar Kharadi
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 29-Dec-2022 (03:56 PM)

(આર. કે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ,એ-૨ વીંગ, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કો.સેલ., વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ